Ref.(I.T.) No.06/2018
Order Under Ex-09

## ઔદ્યોગિક ન્યાય પંચ નં.૨ ના પ્રમુખ અધિકારીશ્રી સમક્ષ, સુરત.

રેફરન્સ (આઈ.ટી.) નં.૦૬/૨૦૧૮

પ્રથમ પક્ષકાર :– ન્યુટ્રલ ગ્લાસ એન્ડ એલાઈડ ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લી.,
મુ.કુંવરદા, તા.માંગરોળ, કોસંબા(આર.એસ.),
જી.સુરત.

::– વિ રૂ ધ્ધ –::

બીજા પક્ષકાર :– ગુજરાત રાજય કામદાર સેના
તેના કામદારો વતી,
મુ.પો.સોલધરા, તા.ચીખલી,
જી.નવસારી.

પ્રથમ પક્ષકાર તરફે :– વિ.વ.શ્રી એચ.એમ.દેસાઈ
બીજા પક્ષકાર તરફે :– યુનિયન પ્રતિનીધિ શ્રી આસીફભાઈ શેખ

## :– વચગાળાની રાહત મેળવવા માટેની આંક–૦૯ ની અરજી નીચે હુકમ –:

**(૧)** બીજા પક્ષકાર તરફેની હાલની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, સંબંધિત કામદારોએ પ્રથમ પક્ષકાર વિરૂધ્ધ વાજબી અને ન્યાયી માંગણીઓ મેળવવા માટે માંગણા નિવેદન રજુ કરેલ છે. માંગણીઓનો ન્યાયીક નિર્ણય થવામાં સમય જાય તેમ છે. જેથી વચગાળાની રાહત મેળવવા માટે આ અરજી કરેલ છે. પ્રથમ પક્ષકાર સંસ્થા જયારથી અસ્તિત્વમાં આવી ત્યારથી સંસ્થાના કામકાજમાં, સંસ્થાની આવકમાં સતત વધારો થયેલ છે. સંસ્થા ઉત્પાદન ઉદ્યોગમાં રોકાયેલી સંસ્થા છે. સંબંધિત કામદારો ખુબ જ અનુભવી અને જુના છે અને કૌશલ્ય અને મહેનત, આવડતના કારણે સંસ્થા દર વર્ષે ખુબ જ સારૂ ઉત્પાદન મેળવે છે. સંસ્થામાં કામ કરતા કર્મચારીઓને અન્ય સમાન ઉદ્યોગમાં આવેલી સંસ્થાઓમાં કામ કરતા કર્મચારીઓને ધોરણે મળવા પાત્ર કોઈ પણ હકકો, અધિકારો સંસ્થાના સંચાલકો ધ્વારા

આપવામાં આવતા નથી અને તેવા હકક અધિકાર ન આપવાના કારણે પણ જે વધારાની આવક સંસ્થા મેળવે છે તેનાથી પણ સંસ્થાની આવકમાં સતત વધારો થતો રહે છે. પ્રથમ પક્ષકાર મોનોપોલી ઉદ્યોગમાં રોકાયેલી સંસ્થા છે. પ્રથમ પક્ષકાર સંસ્થા જેવી અન્ય સંસ્થાઓ સમાન પ્રકારના ઉદ્યોગમાં રોકાયેલ સંસ્થાઓ તેમજ સંસ્થાની આજુબાજુના વિસ્તારોમાં રોકાયેલી સંસ્થાઓના કર્મચારીઓના પગાર ધોરણ, સવલતો પ્રથમ પક્ષકાર સંસ્થાના કર્મચારીઓ કરતા સારા અને ઉંચા છે. યુનિયનના સભ્ય કામદારોને હાલના લઘુત્તમ વેતન ધારા કરતા પણ ઓછો પગાર ચુકવવામાં આવે છે. જેની સામે યુનિયન પ્રવૃતિ તોડી નાંખવા માટે જે મંડળના સભ્ય નથી તેવા સંસ્થામાં કામ કરતા કામદારોને ખુબજ વધારે પગાર ચુકવવામાં આવે છે. માંગણા નિવેદન મુજબની માંગણીઓ વાજબી અને ન્યાયી હોઈ સંપુર્ણપણે સ્વિકારવા યોગ્ય છે પરંતુ કેસનો આખરી એવોર્ડ થવામાં સમય લાગે તેમ હોઈ માંગણા નિવેદનમાં દર્શાવેલ નાણાંકીય લાભ, સગવડો પેટે ઉચ્ચક રૂ.૪,૦૦૦/–વચગાળાની રાહતની માંગણી કરેલ છે. જે રાહત આપવામાં આવે તો પણ સંસ્થા ઉપર પડનાર આર્થિક બોજો સંસ્થા સહેલાઈથી સહન કરી શકે તેમ છે. આ સંજોગોમાં વચગાળાની રાહત પેટે તા.૦૧/૦૪/૨૦૧૭ થી માસિક રૂ.૪,૦૦૦/– ની જે માંગણી મુકેલ છે તે ન્યાયી, વાજબી અને કાયદેસરની છે. કામદારોને જો વચગાળાની રાહત આપવામાં નહી આવે તો કામદારો હાલમાં જે આર્થિક કઠિનાઈઓમાં જીવન નિર્વાહ ચલાવી રહયા છે તેને લીધે જે માનસિક યાતનાઓ અને તણાવ ભોગવવો પડે તેનો બદલો પૈસાથી ભરપાઈ થઈ શકે તેમ નથી. જેથી પ્રથમ દર્શનીય કેસ, સગવડ અગવડનું ધોરણ અને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન એ ત્રણેય મુદ્દા બીજા પક્ષકાર યુનિયનની તરફેણમાં છે. જેથી વચગાળાની રાહતની અરજી મંજુર કરવાની ન્યાયના હિતમાં જરૂરીયાત છે.

**(૨)** પ્રથમ પક્ષકાર તરફે આંક–૧૪ થી માંગણા નિવેદન તથા વચગાળાની રાહત અરજીનો સંયુકત જવાબ રજુ કરવામાં આવેલ છે. જેમાં બીજા પક્ષકાર તરફેના માંગણા નિવેદન તથા વચગાળાની રાહતની અરજીની હકીકતોનો ઈન્કાર કરવામાં આવેલ છે અને મુખ્યત્વે જણાવેલ છે કે, આ કામે પ્રથમ પક્ષકાર સંસ્થા અને સંસ્થાના માન્ય યુનિયન વચ્ચે કાયદેસરનો કરાર ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૨(પી) મુજબ અસ્તિત્વમાં છે અને ૭૦% થી વધુ કામદારોએ તે સેટલમેન્ટ અન્વયેના લાભો મેળવીને તે અંગે સંમતિ

આપી લાભ મેળવતા આવેલ છે. જયારે આ કામના સંબંધિત કામદારો ઔદ્યોગિક અશાંતિ ઉભી કરવાના ઈરાદાથી વાજબી સમાધાન હોવા છત્રાં અને સંસ્થા ખોટમાં ચાલતી હોવા છતાં પણ સેટલમેન્ટ સ્વિકારવાની ના પાડી ઔદ્યોગિક અશાંતિ ઉભી કરવાના ઈરાદાથી આ વિવાદ ઉપસ્થિત કરેલ છે. પ્રથમ પક્ષકાર સંસ્થા સાથે કરાર કરનાર પ્રતિનિધિત્વ ધરાવતું યુનિયન ન્યુટ્રલ ગ્લાસ એન્ડ એલાઈડ ઈન્ડસ્ટ્રીઝ વર્કસ એસોસીએશન આ કામે જરૂરી પક્ષકાર છે અને આ કેસની તેમજ વચગાળાની રાહતની માંગણીનો નિકાલ કરતી વખતે પ્રથમ પક્ષકાર સાથે થયેલ સેટલમેન્ટની લીગાલીટીની કાયદેસરતા, વાજબીપણુ અને તેમાં તેના લાભો લેનાર બહુમતિ કર્મચારીઓની માહિતી અને બીજી બધી હકીકતો તેમને પક્ષકાર તરીકે જોડવામાં આવે તોજ ઉપલબ્ધ થઈ શકે તેમ છે અને જો તેમને જોડવામાં ન આવે તો આ કામે રેફરન્સ તેમજ વચગાળાની અરજીના નિર્ણય વખતે પ્રથમ પક્ષકારને પુર્વગ્રહ થાય તેમ છે. પ્રથમ પક્ષકાર સંસ્થા મજકુર સેટલમેન્ટ મુજબના લાભો જે તે કર્મચારીઓને આપતી આવેલ છે. સેટલમેન્ટમાં માસિક રૂા.૫,૬૦૦/– નો વધારો મળે છે અને તે વાજબી છે પરંતુ આ કામના સંબંધિત કામદારો જાણીબુજીને સહી કરતા નથી અને પોતાની સ્વેચ્છાએ તે રકમ મેળવતા નથી. નામદાર સુપ્રિમ કોર્ટે પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ બીજા પક્ષકાર યુનિયને એ સાબિત કરવું પડે કે તેમનો પ્રથમ દર્શનીય કેસ છે અને જો વચગાળાની રાહત ન આપવામાં આવે તો તેમને નાણાંથી ભરપાઈ ન થાય તેવું નુકશાન થવાની શકયતા છે. સગવડ અગવડની સમતુલા તેમની તરફેણમાં છે. પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે ભારપુર્વક જણાવવાનું કે, તેમનો કોઈ પ્રથમ દર્શનીય કેસ નથી. કારણ કે આ કેસમાં તેમણે જે માંગણી કરેલ છે તેવી માંગણી ઈન્ડસ્ટ્રીઝ કમ રીઝમના આધારે Similarly situated સંસ્થાએ આપવા અંગે કોઈ પ્રણાલિકા, નિતી, નિયમ કે જોગવાઈ નથી. આવી કોઈ માંગણી મુજબની રકમ કોઈ સંસ્થા ચુકવતી નથી. જયારે પ્રથમ પક્ષકાર સંસ્થાએ કાયદેસરનું સેટલમેન્ટ કરેલ હોવા છતાં પણ આવો વિવાદ કોઈ બીજા યુનિટ કે જે સરખા છે તેઓ ન આપતા હોવા છતાં પણ માંગણી ઉભી કરેલ છે. નુકશાન કરતી સંસ્થા પાસે માસિક રૂા.૫,૬૦૦/– નું સેટલમેન્ટ કર્યા પછી પણ વધુ રકમ પડાવવા અંગે કોઈ જોગવાઈ પ્રથમ દર્શનીય રીતે માની શકાય એમ નથી. આખા રેફરેન્સનો નિર્ણય થાય ત્યારે નામદાર કોર્ટ યોગ્ય શરત સાથે તે રકમ ચુકવવા અંગે હુકમ કરી શકે એમ છે અને સમાધાન સ્વિકારી મોટી રકમનો વધારો લેવાનો વિકલ્પ ખુલ્લો છે ત્યારે નાણાંથી ભરપાઈ ન થાય તેવું નુકશાન તેમને થનાર નથી.

તા.૨૬/૧૦/૨૦૧૭ ના રોજના સેટલમેન્ટનો લાભ ૭૦% થી વધુ કર્મચારીઓએ સ્વિકારેલ હોય ત્યારે આર્થિક શોષણ કરવાનો અને લઘુત્તમ વેતન ધારા કરતા ઓછો પગાર ચુકવતા હોવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. મંડળના સભ્ય નથી તેમને ઓછો પગાર ચુકવવામાં આવતો હોવાના આક્ષેપો બિલકુલ વાહીયાત છે. પરંતુ સંબંધિત કામદારોએ સેટલમેન્ટ સ્વિકારેલ ન હોઈ તેમ બનવા પામેલ છે.

(૩) બીજા પક્ષકાર તરફે યુનિયન પ્રતિનિધીશ્રી આસીફભાઈ શેખની દલીલો સાંભળવામાં આવેલ છે. જેમાં મુખ્યત્વે જણાવેલ છે કે, સંબંધિત કામદારોનો અન્ય રેફરન્સ નં.૧૧૧/૨૦૧૫ પણ પડતર છે અને તે કામે વચગાળાની અરજી મંજુર કરવામાં આવેલ છે. તે કામે રજુ કરેલ ચુકાદા ઉપર તેઓ આધાર રાખે છે. સંબંધિત કામદારોને છેલ્લા ત્રણ સમાધાનના લાભો આપવામાં આવતા નથી. સંબંધિત કામદારોનો પગાર રૂા.૭,૦૦૦/– છે. જયારે બીજા કામદારોનો પગાર રૂા.૨૪,૦૦૦/– થી ૨૫,૦૦૦/– છે. હાલની વચગાળાની અરજીમાં માંગણા નિવેદનની માંગણીઓ પેટે રૂા.૪,૦૦૦/– વધારો માંગેલ છે. જે યોગ્ય અને વાજબી માંગણી છે. આ વિવાદના કામે માત્ર ૩૫ કામદારો માટેના પ્રશ્ન છે. લઘુત્તમ વેતન કરતા પણ ઓછો પગાર આપવામાં આવે છે. કામદારોએ ઔદ્યોગિક અશાંતિ ફેલાવેલ નથી. કામદારોને તે સંબંધે કોઈ તહોમતનામું આપવામાં આવેલ નથી. કામદારો ઓછા પગારમાં જે આર્થિક કઠિનાઈઓવાળું જીવન ચલાવી રહેલ છે તેને લીધે ભોગવવી પડતી માનસિક યાતનાઓ અને તણાવનો બદલો પૈસાથી ભરપાઈ થઈ શકે તેમ નથી. વચગાળાની રાહત મંજુર કરવામાં ન આવે તો મેનેજમેન્ટની એક તરફી, મનસ્વી, જુલ્મી શરતોને વશ થવું પડે તેવી પરિસ્થિતિ સર્જાય અને કામદારોને યાતનાઓ તેમજ અગવડો વેઠવાનો વારો આવે. આમ, બીજા પક્ષકારનો પ્રથમ દર્શનીય કેસ છે તેમજ સગવડ અગવડની સમતુલા અને નાણાંથી ભરપાઈ ન થાય તેવું નુકશાન એ તમામ પાસાઓ બીજા પક્ષકારની તરફેણમાં છે. જેથી માંગ્યા મુજબની વચગાળાની રાહત મંજુર કરવી જોઈએ.

(૪) પ્રથમ પક્ષકાર તરફે વિ.વ.શ્રી એચ.એમ.દેસાઈની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. જેમાં તેઓના લેખિત જવાબ મુજબની હકીકતો જણાવેલ છે અને મુખ્યત્વે એવી દલીલ છે કે, ઔદ્યોગિક વિવાદ ધારાનો ઉદ્દેશ ઔદ્યોગિક શાંતિ સ્થાપવાનો છે. મેજોરીટી યુનિયન સાથે થયેલ

સમાધાન માઈનોરીટી યુનિયનને બંધનકર્તા છે. પ્રથમ પક્ષકાર સંસ્થાનું માન્ય યુનિયન છે અને તે મેજોરીટી યુનિયન તથા પ્રથમ પક્ષકાર સંસ્થા વચ્ચે સેટલમેન્ટ થયેલ છે. જે સેટલમેન્ટનો સંબંધિત કામદારોએ ઈન્કાર કરેલ છે. સેટલમેન્ટ સ્વિકારતા હોવા અંગે કામદારોની સહી લેવી એ ગેરકાયદેસર નથી. ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૨(પી) મુજબનું સમાધાન રેકર્ડ ઉપર છે. સંબંધિત કામદારો સમાધાન સ્વિકારે તો પ્રથમ પક્ષકાર સંસ્થા તેવી રકમ ચુકવવા તૈયાર છે. મોટા ભાગના કામદારોએ સમાધાન સ્વિકારેલ હોવાથી બીજા પક્ષકારે તેઓનો પ્રથમ દર્શનીય કેસ પ્રસ્થાપિત કરવા માટે ખાસ કારણ પ્રસ્થાપિત કરવું પડે. વિવાદનો આખરી નિર્ણય થાય ત્યારે જે કોઈ રકમ મેળવવા કામદારો હકકદાર ઠરે તેવી તમામ રકમ અદાલતે ઠરાવ્યા મુજબની શરતોએ ચુકવવા પાત્ર છે. જેથી વચગાળાની રાહત મંજુર ન કરવાથી સંબંધિત કામદારોએ નાણાંથી ભરપાઈ ન થાય તેવું નુકશાન જવાનો કોઈ પ્રશ્ન નથી. સમાધાન મુજબનો લાભ મેળવવા સંબંધિત કામદારોએ પોતે સ્વેચ્છાએ ઈન્કાર કરેલ છે. જેથી તેઓનો કોઈ પ્રથમ દર્શનીય કેસ નથી. વચગાળાની રાહત મંજુર થવા માટે જરૂરી ત્રણેય પાસા સંબંધિત કામદારોની તરફેણમાં નથી. જેથી વચગાળાની અરજી રદ થવાને પાત્ર છે.

**(૫)** બીજા પક્ષકાર તરફેની આંક–૯ ની અરજી તથા પ્રથમ પક્ષકાર તરફેનો આંક–૧૪ વાળો લેખિત જવાબ તથા પક્ષકારો તરફેની દલીલો ધ્યાને લેતાં, બીજા પક્ષકાર તરફેની આંક–૯ ની અરજીના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

::– મુદ્દા –::

મુદ્દા નં.(૧) શું બીજા પક્ષકારનો પ્રથમ દર્શનીય કેસ છે ?
મુદ્દા નં.(૨) શું સગવડ અગવડની સમતુલા બીજા પક્ષકારની તરફેણમાં છે ?
મુદ્દા નં.(૩) શું હાલની અરજી મંજુર કરવામાં ન આવે તો બીજા પક્ષકારને નાણાંથી ભરપાઈ ન થાય તેવું નુકશાન જવાનો સંભવ છે ?
મુદ્દા નં.(૪) શું હુકમ ?

ઉપરોકત મુદ્દા અંગેના નિર્ણય નીચે મુજબ આપવામાં આવે છે.

મુદ્દા નં.(૧) હકારમાં.
મુદ્દા નં.(૨) હકારમાં.
મુદ્દા નં.(૩) હકારમાં.
મુદ્દા નં.(૪) આખરી હુકમ મુજબ.

ઉપરોકત નિર્ણય અંગેના કારણો નીચે મુજબ આપવામાં આવે છે.

**(૬)** કારણો : મુદ્દા નં.(૧) થી (૩)

(૬.૧) બીજા પક્ષકાર તરફેની આંક–૦૯ ની અરજી વંચાણે લેતાં, પ્રથમ પક્ષકાર સંસ્થા જેવી અન્ય સંસ્થાઓ સમાન પ્રકારના ઉદ્યોગમાં રોકાયેલ સંસ્થાઓ તેમજ સંસ્થાની આજુબાજુના વિસ્તારોમાં રોકાયેલી સંસ્થાઓના કર્મચારીઓના પગાર ધોરણ, સવલતો પ્રથમ પક્ષકાર સંસ્થાના કર્મચારીઓ કરતા સારા અને ઉંચા હોવાનું જણાવેલ છે તેમજ યુનિયનના સભ્ય કામદારોને હાલના લઘુત્તમ વેતન ધારા કરતા પણ ઓછો પગાર ચુકવવામાં આવતો હોવાનું અને તેની સામે યુનિયન પ્રવૃતિ તોડી નાંખવા માટે જે મંડળના સભ્ય નથી તેવા સંસ્થામાં કામ કરતા કામદારોને ખુબજ વધારે પગાર ચુકવવામાં આવતો હોવાનું જણાવેલ છે તેમજ માંગણા નિવેદન મુજબની માંગણીઓ વાજબી અને ન્યાયી હોઈ સંપુર્ણપણે સ્વિકારવા યોગ્ય છે પરંતુ કેસનો આખરી એવોર્ડ થવામાં સમય લાગે તેમ હોઈ માંગણા નિવેદનમાં દર્શાવેલ નાણાંકીય લાભ, સગવડો પેટે ઉચ્ચક રૂા.૪,૦૦૦/–વચગાળાની રાહતની માંગણી કરેલ હોવાનું જણાવેલ છે તેમજ તે રાહત આપવામાં આવે તો પણ સંસ્થા ઉપર પડનાર આર્થિક બોજો સંસ્થા સહેલાઈથી સહન કરી શકે તેમ હોવાનું જણાવેલ છે અને આ સંજોગોમાં વચગાળાની રાહત પેટે તા.૦૧/૦૪/૨૦૧૭ થી માસિક રૂા.૪,૦૦૦/– ની જે માંગણી મુકેલ છે તે માંગણી વાજબી અને કાયદેસરની હોવાથી વચગાળાની રાહતની અરજી મંજુર કરવા જણાવેલ છે. પ્રથમ પક્ષકાર તરફેના આંક–૧૪ વાળા લેખિત જવાબ વંચાણે લેતાં, પ્રથમ પક્ષકાર સંસ્થા અને સંસ્થાના માન્ય યુનિયન વચ્ચે કાયદેસરનો કરાર ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૨(પી) મુજબ અસ્તિત્વમાં હોવાનું તેમજ ૭૦% થી વધુ કામદારોએ તે સેટલમેન્ટ અન્વયેના લાભો મેળવીને તે અંગે સંમતિ આપી લાભ મેળવતા આવેલ હોવાનું જણાવેલ છે તેમજ પ્રથમ પક્ષકાર સંસ્થા મજકુર સેટલમેન્ટ મુજબના લાભો જે તે કર્મચારીઓને આપતી આવેલ હોવાનું તેમજ સેટલમેન્ટમાં માસિક રૂા.૫,૬૦૦/– નો વધારો આપવામાં આવેલ હોવાનું અને તે વાજબી હોવાનું જણાવેલ છે તેમજ આ કામના સંબંધિત કામદારો જાણીબુજીને સહી કરતા નથી અને પોતાની સ્વેચ્છાએ તે રકમ મેળવતા ન હોવાનું તેમજ તા.૨૬/૧૦/૨૦૧૭ ના રોજના સેટલમેન્ટનો લાભ ૭૦% થી વધુ કર્મચારીઓએ સ્વિકારેલ હોવાનું અને તે સંજોગોમાં આર્થિક શોષણ કરવાનો અને લઘુત્તમ વેતન ધારા કરતા ઓછો પગાર ચુકવતા હોવાનો કોઈ

પ્રશ્ન ઉપસ્થિત થતો ન હોવાનું જણાવેલ છે. આમ, બીજા પક્ષકારની આંક–૯ ની અરજીની હકીકતો તથા પ્રથમ પક્ષકારના આંક–૧૪ વાળા લેખિત જવાબની હકીકતો વંચાણે લેતાં, સંબંધિત કામદારોએ તા. ૨૬/૧૦/૨૦૧૭ ના રોજનું સેટલમેન્ટ તથા આ સેટલમેન્ટ અગાઉના સેટલમેન્ટનો સ્વિકાર કરેલ ન હોવાનું અને તે સંજોગોમાં તે બંને સેટલમેન્ટનો લાભ તેઓને મળતો ન હોવાનું સ્પષ્ટ થાય છે. પ્રથમ પક્ષકારનો આંક–૧૪ વાળા લેખિત જવાબની હકીકતો જોતાં તા.૨૬/૧૦/૨૦૧૭ ના રોજનું માસિક રૂા.૫,૬૦૦/– જેવા વધારાનું સેટલમેન્ટ અમલમાં છે અને ૭૦% થી વધુ કર્મચારીઓએ તે સ્વિકારેલ છે. આ કામના સંબંધિત કામદારોનું માંગણા નિવેદન તથા હાલની વચગાળાની અરજીની હકીકતો જોતાં આ કામના સંબંધિત કામદારોએ ઉપરોકત સેટલમેન્ટ સ્વિકારેલ નથી અને માંગણા નિવેદનમાં જણાવ્યા મુજબનો વધારો માંગેલ છે. સંબંધિત કામદારોનો માંગ્યા મુજબનો વધારો મંજુર કરવા પાત્ર થાય છે કે કેમ ? તે આખરી નિર્ણયમાં નકકી કરવાનું રહે છે અને તેનો નિર્ણય કરવામાં તા.૨૬/૧૦/૨૦૧૭ ના રોજના સેટલમેન્ટમાં નકકી કરવામાં આવ્યા મુજબના વધારા કરતા વધુ કોઈ વધારો મંજુર કરવા પાત્ર છે કે કેમ ? તેનો નિર્ણય કરવાનો રહે છે. પ્રથમ પક્ષકારના આંક–૧૪ વાળા લેખિત જવાબની હકીકતો મુજબ તા.૨૬/૧૦/૨૦૧૭ ના રોજના સેટલમેન્ટથી પ્રથમ પક્ષકાર સંસ્થાએ માસિક રૂા.૫,૬૦૦/– નો વધારો સ્વિકારેલો છે. જે મુજબના વધારાનો લાભ સંબંધિત કામદારો મેળવી રહેલ નથી. જેથી પ્રવર્તમાન સમયમાં અન્ય કામદારોના પ્રમાણમાં ઓછા વેતનના કારણે સંબંધિત કામદારોને જીવન નિર્વાહ ચલાવવામાં કઠીનાઈ અને માનસિક યાતના વેઠવી પડે તે સ્વાભાવિક છે. જે આખરી નિર્ણય થયા બાદ મળનાર આર્થિક લાભથી સંતોષાઈ શકે નહી. આગળ ચર્ચા કર્યા મુજબ તા.૨૬/૧૦/૨૦૧૭ ના રોજના સેટલમેન્ટ મુજબ પ્રથમ પક્ષકાર સંસ્થાએ માસિક રૂા.૫,૬૦૦/– નો વધારો સ્વિકારેલો છે. આ તમામ સંજોગો અને હકીકતો ધ્યાને લેતાં, સંબંધિત કામદારોએ તા.૦૧/૦૪/૨૦૧૭ ના રોજથી નાણાંકીય લાભ, સગવડો પેટે ઉચ્ચક માંગેલ વચગાળાની રાહત પેટે માસિક રૂા.૨,૦૦૦/– મંજુર કરવા જેવો પ્રથમ દર્શનીય કેસ જણાય છે. જો વચગાળાની રાહત મંજુર કરવામાં ન આવે તો આગળ ચર્ચા કર્યા મુજબ સંબંધિત કામદારોને અગવડ પડવા તેમજ નાણાં થી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન જવાનું સંભવ છે. આમ, વચગાળાની અરજી મંજુર કરવા માટે જરૂરી ત્રણેય પાસાઓ સંબંધિત કામદારોની તરફેણમાં છે.

સંબંધિત કામદારો તરફે રજુ થયેલ સ્પે.સી.એ.નં.૩૩૪૭/૨૦૧૩ વિથ સ્પે.સી.એ.નં.૬૮૩૯/૨૦૧૩ દિલ્હી પબ્લિક સ્કુલ, સુરત. વિ.સ્ટેટ ઓફ ગુજરાત અને બીજાઓના કેસનો નામદાર ગુજરાત વડી અદાલતનો ચુકાદો વંચાણે લેતાં, ટ્રીબ્યુનલે વચગાળાની અરજી મંજુર કરવા માટે પ્રથમ દર્શનીય કેસ, સગવડ અગવડની સમતુલા, નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન એમ ત્રણેય પાસાઓ કામદારોની તરફેણમાં હોવાનું સંતોષાતું હોવાનું નોંધી વચગાળાની અરજી મંજુર કરતો હુકમ યોગ્ય ઠેરવેલ છે.

પ્રથમ પક્ષકાર તરફે રજુ થયેલ,

(૧) ઈ.આઈ.ડી પેરી ઈન્ડ.લિમીટેડ વિ. ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ મદ્રાસ ૧૯૯૩ (૨) એલ.એલ.જે.પાના નં.૧

(૨) મેનેજમેન્ટ ઓફ હોટલ ઈમ્પીરીયર વિ. હોટલ વર્કસ યુનિયન ૧૯૫૯ એ.આઈ.આર. ( સુપ્રિમ કોર્ટ ) ૧૩૪૨.

(૩) ડી.બી.એસ.ફાયનાન્સ વિ. મહારાષ્ટ્ર કામદાર યુનિયન ૧૯૯૬ (૧) એલ.એલ.જે. ૧૧૬૦ ( બોમ્બે )

(૪) અનુપ એન્જીનીયરીંગ વિ. એસ.કનૈયાલાલ ૧૯૯૫ (૧) જી.એલ.એચ.પાના નં.૩૪૫

(૫) જયોતિન્દ્ર શાહ વિ. એન.ડી.પરીખ ૧૯૯૮ (૧) જી.એલ.એચ.પાના નં.૮૨.

પક્ષકારો તરફે રજુ થયેલ ઉપરોકત ચુકાદાઓ વંચાણે લેતાં, વચગાળાની રાહત મંજુર કરવા ટ્રીબ્યુનલને સત્તા રહેલી છે અને વચગાળાની રાહત મંજુર કરવા માટે પ્રથમ દર્શનીય કેસ, સગવડ અગવડની સમતુલા, નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન એમ ત્રણેય પાસાઓ સંતોષાતા હોય તો વચગાળાની રાહત મંજુર કરી શકાય. આ કામે આગળ ચર્ચા કર્યા મુજબ વચગાળાની અરજી મંજુર કરવા માટે જરૂરી ત્રણેય પાસાઓ સંબંધિત કામદારોની તરફેણમાં છે. જેથી ઉપરોકત ચુકાદાઓ પ્રથમ પક્ષકારને મદદરૂપ બનતા નથી.

આમ, ઉપરોકત ચર્ચા મુજબ મુદ્દા નં.૧ થી ૩ નો નિર્ણય હકારમાં આપી મુદ્દા નં.૪ અંગે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

Ref.(I.T.) No.06/2018
Order Under Ex-09

::– હુ ક મ –::

(૧) બીજા પક્ષકારની આંક–૦૯ ની અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) સંબંધિત કામદારોને તા.૦૧/૦૪/૨૦૧૭ ના રોજથી નાણાંકીય લાભ, સગવડો અંગે ઉચ્ચક વચગાળાની રાહત પેટે માસિક રૂા.૨,૦૦૦/– ચુકવી આપવા હુકમ કરવામાં આવે છે.

(૩) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

આજ તા.૨૪ મી ઓકટોબર–૨૦૨૪ ના રોજ હુકમ કરવામાં આવ્યો.

( જયેશકુમાર શામળદાસ પટેલ )
સભ્ય,ઔદ્યોગિક અદાલત નં.૨,સુરત.
જજ કોડ જીજે૦૦૫૬૧

(સ્ટેનો–સી.જી.ચૌધરી)